# મેઘરજ ગ્રામ પંચાયતમાં સ્વચ્છતા અભિયાનના લીરેલીરા ઉડ્યા

મેઘરજ, તા. ૨

મેઘરજ નગરમાં સ્વચ્છતા અભિયાનના લીરેલીરા ઉડતા હોય તેમ ઠેર ઠેર ગંદકીના ઢગ ખડકાયેલા જોવા મળે છે. તદ્ઉપરાંત નગરના કેટલાક વિસ્તારોમાં ગટરો તુટી ગઈ હોવા છતાં રીપેરીંગ કામગીરી હાથ ન ધરાતા ગટરો ઉભરાઈ રહી છે. શહેરની મોટા ભાગની ગલીઓમાંથી નીકળતા નગરજનો માથુ ફાડી છે.

મેઘરજ નગરમાં આવેલી ગુજરાતી પ્રાથમિક કન્યા શાળા નં. ૨ અને આજુબાજુના રહેણાંક વિસ્તારોમાં રહેતા નગરજનો શાળા નજીકથી પસાર થતી ગટર લાઈન તુટી જતા તોબા પોકારી ઉઠ્યા છે. ગટર તુટી જતા માર્ગો પર ગંદા પાણી ફરી વળતા માથુ ફાડી નાખે તેવી દુર્ગંધ અને ગંદુ પાણી ભરાઈ રહેતા વસુલવામાં આવી રહ્યો છે તેમજ સ્વચ્છ ભારત બનાવવા અથાગ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે જેનાથી તદ્દન વિપરીત પરિસ્થિતિ મેઘરજ કન્યા પ્રાથમિક શાળા નં. ૨ નજીકથી પસાર થતા રાહદારીઓ અને વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. મેઘરજ ગ્રામ પંચાયતના જવાબદાર સત્તાધીશો અને વહીવટીતંત્ર દ્વારા તાબડતોડ તુટેલી



નાખતી દુર્ગંધથી તોબા પોકારી ઉઠ્યા છે. ગટરોના ઉભરાવાથી મચ્છરોનો પણ ઉપદ્રવ વધી ગયો છે. મેઘરજ પ્રાથમિક શાળા આગળથી પસાર થતી ગટર છેલ્લા એક મહિનાથી તુટી જતા શાળામાં અભ્યાસ કરવા આવતા બાળકો પર ગંભીર બિમારીઓમાં સપડાવવાનો ભય તેમના માથે મંડરાઈ રહ્યો છે. મેઘરજ ગ્રામ પંચાયતના જવાબદાર સત્તાધીશો તાબડતોડ તુટેલી ગટર રીપેરીંગ કરાવે તે વિદ્યાર્થીઓ માટે ખુબજ હિતાવહ મચ્છરોનો ઉપદ્રવ વધી જતા શાળામાં અભ્યાસ કરતા બાળકો અને રહીશોમાં ગંભીર બિમારીમાં સપડાવવાનો ભય સેવાઈ રહ્યો છે. ગટર તુટી પડતા અહીંથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓ પણ અવરજવર કરવામાં ખૂબજ મુશ્કેલી અનુભવી રહ્યા છે.

સરકાર દ્વારા સ્વચ્છતા અભિયાનના નામે ટેક્સ વસુલવામાં આવી રહ્યો છે. સરકાર દ્વારા સ્વચ્છતા અભિયાનના નામે ટેક્સ ગટર રીપેર કરવામાં આવે તે ખૂબ જ તાતી જરૂરીયાત છે. તાલુકા શિક્ષણાધિકારી દ્વારા શાળાની રૂબરૂ મુલાકાત લઈ શાળામાં અભ્યાસ કરતા બાળકો ગંદકી અને દુર્ગંધ વચ્ચે અભ્યાસ કરવા મજબુર બનવુ પડતુ હોવાથી આ અંગે તાલુકા વિકાસ અધિકારી અને ગ્રામ પંચાયતના સત્તાધીશો અને વહીવટીતંત્ર સમક્ષ રજુઆત કરી તાબડતોડ ગંદકી દુર કરવા પ્રયત્નો હાથ ધરવામાં આવે તેવુ લોકો ઈચ્છી રહ્યા છે.

# ધાનેરા મિશ્ર શાળા ન.૧ માં છોકરીઓની છેડતી કરતા રોમિયાની ધુલાઈ

ધાનેરા મિશ્ર શાળા ન.૧ માં છોકરીઓ ની છેડતી કરતા રોમિયા ની ધુલાઈ કરવામાં આવી હતી પરંતુ રોમિયો લોકોને ચકમો ત્યાંથી નાશી છૂટવામાં સફળ રહ્યો હતો. ધાનેરા માં જાને રોમિયો નો ત્રાસ વધી ગયો હોય તેમ ધાનેરા માં એકલા બહેન દીકરી ને બહાર નીકળતા વિચારવું પડે



છે ત્યારે આજે પાંચ વાગ્યા ના સમયે જયારે શાળા છૂટી ત્યારે ધાનેરા મિશ્ર શાળા ન.૧ ની નાની બાળાઓ પોતાના ઘરે જઈ રહી હતી તેજ સમયે શાળા ના ગેટ આગળ જ એક નટવરભાઈ વાસુદેવ ત્રિવેદી નામનો શક્ષ નાની બાળાઓને ચોકલેટ અને પૈસા ની લાલચ આપી એકાંત બોલાવી છેડતી કરવાનો કોશિશ કરતો હતો તે સમયે બાળાઓ ગભરાઈ ગઈ હતી અને પરત શાળામાં દોડી જઈ શિક્ષકો ને સમગ્ર બાબત ની વાત કરતા શિક્ષકોએ બહાર આવી જોયું તો આ શક્ષ બાળાઓ ને બોલાવી રહ્યો હતો અને શિક્ષકો તેની પાસે પહોંચ્યા તો તે ત્યાંથી દોડી ગયો હતો અને પાછળ દોડી તેને પકડી તેની ધુલાઈ કરી હતી પરંતુ લોકો ભેગા થઈ જતા આ શક્ષ ત્યાંથી નાશી છૂટવામાં સફળ રહ્યો હતો.

## મોડાસામાં આજે સેવા-સેતુ કાર્યક્રમ યોજાશે

રાજ્ય સરકાર દ્વારા પારદર્શક સંવેદનશીલ અને વહીવટી તંત્રને વેગવંતુ બનાવવાના હેતુથી પ્રવર્તમાન વહીવટી તંત્રમાં વધારાની વ્યવસ્થા તરીકે રાજ્યના નાગરિકોને સ્પર્શતી વ્યક્તિગત રજૂઆતોની સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તેમજ પ્રજાની વ્યક્તિલક્ષી રજૂઆતોના ઉકેલની ઝડપ વધે તે માટે મોડાસા નગરપાલિકા દ્વારા વોર્ડ નં. ૭, ૮ અને ૯ના રહીશો માટે તા. ૩-૨-૧૭ના રોજ સેવાસેતુ કાર્યક્રમ યોજાશે.

# ઉત્તર ગુજરાતમાં વરિયાળીના પાકમાં કાળિયાનો રોગચાળો

અરવલ્લી-સાબરકાંઠા સહિત ઉત્તર ગુજરાતમાં ભૂમિપુત્રોએ વરિયાળી જેવા રોકડીયા પાકનું વાવેતર વરસાદ સારો થવાથી મોટા પ્રમાણમાં વાવેતર કર્યુ હતુ. પરંતુ વરિયાળીના પાકમાં કાળિયાના રોગે દેખા દેતા ખેડૂતો પાકને બચાવવા માટે મોંઘીદાટ દવાઓ ખરીદી કરી દવાઓનો છંટકાવ કરવા માટે દોડતા નિકળવાની ભીતી સેવાતા ખેડૂતોની હાલત આગામી સમયમાં દયનીય બની જશે.

ચાલુ વર્ષે વરિયાળીના પાકમાં કાળિયાનો રોગને લઈને પાકનો સફાયો નિશ્ચિત હોવાનુ જણાઈ રહ્યુ છે. વરિયાળીનો પાક તૈયાર થઈ ગયો છે અને પાકમાં કાળા ટીપકાના નામથી ઓળખાતા કાળિયાના રોગે પગ આવશે. નાના ખેડૂતોની વરિયાળીના વાવેતર કરનારની હાલત કફોડી થશે.

વરિયાળી ઉપરાંત જીરૂના પાકમાં પણ સૂકારાના રોગે દેખા દીધી છે. જેને લઈ ખેડૂતોની ઉંઘ હરામ થઈ ગઈ છે. જીરૂની ખર્ચાળ ખેતીનો મોટા ભાગનો ખર્ચ માથે પડશે તેવી નોબત આવી છે. ત્યારે ખેડૂતોમાં હતાશાનું મોજુ ફરી વળ્યુ છે. દર



થઈ ગયા છે. વર્ષોથી વરિયાળીમાં ખરા સમયે કાળિયાનો રોગ આવે છે. જેના કારણે ઉત્પાદનમાં નજીવો ફટકો પડતો હોય છે. ચાલુ સાલે વરિયાળીના પાકમાં કાળિયા રોગ તીવ્રતાથી પ્રસરતા ખેડૂતોમાં ફફડાટ ફેલાયો છે. તદ્ઉપરાંત વરિયાળીના વાવેતર જેટલો ખર્ચ પણ નહિ પેસારો કરતા ખેડૂતોના જીવ અદ્ધર થઈ ગયા છે. મોંઘા દવા, ખાતર અને બિયારણ લાવી વરિયાળીના પાકમાં ખેડૂતોની તમામ આર્થિક ગણતરીઓ ખોટી પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. કાળિયાના રોગથી વરિયાળીમાં ખેડૂતોને નુકશાન સહન કરવાનું વખતે જીરૂ વરિયાળીના પાકમાં ખેડૂતોને વ્યાપક નુકશાન સહન કરવુ પડે છે. જેને લઈને ખેડૂતોની આર્થિક સ્થિતિ પણ ડામાડોળ થઈ રહી છે. વરિયાળીના પાકમાંથી શારૂ ઉત્પાદન અને સારા ભાવ મળવાની આશાઓ ઉપર હાલ તો પાણી ફરી વળ્યુ હોય તેવો ઘાટ સર્જાયો છે.

# ... તો બનાસકાંઠાના જમીન વિહોણા દલિતો હક્ક માટે આંદોલન કરશે

પાલનપુર, તા. ૨

સરહદી બનાસકાંઠા જિલ્લામાં જમીન વિહોણા દલિતોના હક માટે દલિત અધિકાર મંચ માગણીઓ કરી રહ્યો છે. મોટા ઉદ્યોગપતિઓને સરકારી જમીન ફાળવાઈ છે. જ્યારે ગરીબ અને નાના દલિત વર્ગને જમીન ન ફાળવી આગામી ૨૫મી માર્ચ સુધીનું અલ્ટીમેટમ આપ્યું છે. અને ચીમકી ઉચ્ચારી છે કે આ માગણીઓ નહીં સંતોષાય તો જિલ્લામા દલિતો રસ્તા



મેદાનમાં ઉતર્યો છે. દલિત અધિકાર મંચ દ્વારા જમીન વિહોણા દલિતોને જમીનના હક આપવા માટે જિલ્લા કલેકટરને રજુઆત કરાઈ હતી. અને ન્યાય નહીં મળે ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી.

જિલ્લાના ૨૦૦ જેટલા દલિત ભાઈ-બહેનો આજે જમીન અધિકાર માટે કલેકટર કચેરીએ દોડી આવ્યા હતા. અને કલેકટર પાસે જમીનના હક્ક માટે માંગ કરી હતી. વર્ષોથી દલિત સમાજ જમીનની સરકાર દલિતો સાથે અન્યાય કરી રહી હોવાની રાવ ઉઠી છે. ત્યારે, આજે જિલ્લા કલેકટર કચેરી ખાતે જિલ્લામાથી આવેલા દલિત સમાજના લોકોએ દલિત સમાજના ૧૨ જેટલા મુદ્દાઓનો ઉકેલ ન આવવાને મામલે સરકારી રીતિ નીતિ સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો.

સરકારી રીતિ નીતિ સામે થાકેલા દલિત આગેવાનો જમીન અધિકારને મામલે સરકારને પર ઉતરી આવશે અને ઉગ્ર આંદોલન કરશે.

જિલ્લાના દલિત ભાઈ બહેનો દ્વારા જમીન ફાળવવાને મામલે કલેકટરને આવેદન આપી અલ્ટીમેટમ આપ્યું છે જો કે ઉના કાંડ બાદ સરકાર દલિતોનું ખાસ ધ્યાન રાખી રહી છે ત્યારે આગામી ચૂંટણીમા દલિત સમાજ દ્વારા ખાસ કોઈ પ્રશ્નો ઉભા ન થાય એ હેતુથી હવે આ મામલે સરકાર કઈ દિશામા નિર્ણય કરશે તે જોવું રહ્યું..!!



## ખેડબ્રહ્મામાં ૧૧ કુંડી ગાયત્રી હવન કરવામાં આવ્યુ

ખેડબ્રહ્મામાં વસંતપંચમી નિમિત્તે તાલુકાના પ્રાથમિક શાળાઓના શિક્ષકોને ગાયત્રી શક્તિપીઠ ખાતે ગાયત્રી હવન કરવાનો લ્હાવો મળેલ. ગાયત્રી પરિવાર દ્વારા આયોજીત ૧૧ કુંડી ગાયત્રી યજ્ઞમાં તાલુકાના ૩૫ શિક્ષક જોડાઓએ લાભ લીધો હતો. આ યજ્ઞ ગાયત્રી પરિવારની બહેનો દ્વારા સંપન્ન કરાવવામાં આવ્યો હતો.

## ધાનેરા ખાતે નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટને ખુલ્લી મૂકાઈ

ધાનેરા ખાતે આજે નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ધાનેરા ધારાસભ્ય સહીત ભાજપ અને કોંગ્રેસ ના અગ્રણીઓ સહીત મોટી સંખ્યા માં લોકો હાજર રહ્યા હતા તો બીજી તરફ રમનાર તમામ ખેલાડી ને ધાનેરા ના ડો.બી.જી.મોર ધ્વરા શુભકામના પણ આપવામાં આવી હતી અને અગ્રણીઓ ધ્વરા કરીતેક રમી નાઈટ ટુર્નામેન્ટ ને ખુલ્લી મૂકી. ધાનેરા વિધુત બોર્ડ ની બાજુમાં આવેલા ખુલ્લા મેદાન આજે ધાનેરા ના યુવાનો ધ્વરા સાઈ નાઈટ ટુર્નામેન્ટ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આજે ધાનેરા ના ધારાસભ્ય જોઈતાભાઈ પટેલ માર્કેટયાર્ડ ના ચરમેન ભગવાનભાઈ પટેલ ,નથાભાઈ પટેલ, ડો.બી.જી.મોર તેમજ સીટી કેબલ નેટવર્ક ના રાજેશભાઈ ચૌહાણ પૂર્વ રાજ્યમંત્રી હરજીવનભાઈ પટેલ સહીત અનેક રાજકીય અગ્રણી સહીત મોટી સંખ્યા માં લોકો હાજર રહ્યા હતા અને નાઈટ ટુર્નામેન્ટ કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો તો બીજી તરફ નાઈટ ટુનામનેટ ના આયોજકો ધ્વરા આવનાર તમામ મહેમાનોને સાલ ઓઢાડી સન્માન કર્યુ હતું.

# ગણપત વિદ્યાનગર માત્ર ઈંટ-ચૂનાનું મકાન નથી, દેશનું ભાવિ અહીં ઘડવાનું છે : આનંદીબેન

ગણપતવિદ્યાનગર, તા. ૨

છેલ્લા લગભગ બે દાયકાથી ગણપત વિદ્યાનગરની પાવન વિદ્યાભૂમિ ઉપર સ્ત્રી-સશક્તિકરણનું એક અનોખુ જ અભિયાન ચાલી રહ્યું છે. અને આ અભિયાનનું નામ છે 'શ્રીમતી મંજુલાબેન ગણપતભાઈ પટેલ કન્યા સૈનિક શાળા.'

છેલ્લા ૧૮ વર્ષથી ચાલતી આ કન્યા સૈનિક શાળા રાજ્યની જ નહીં કદાચ દેશની એક માત્ર કન્યા સૈનિક શાળા છે. આ સૈનિક શાળા ગણપત વિદ્યાનગર ઉપર ઉભેલા વિવિધ વિદ્યા-ભવનોમાં આજ સુધી ચાલતી હતી પરંતુ ગઈ ૨૬મી જાન્યુઆરી-૨૦૧૭ના રોજ ભારતના ૬૮માં પ્રજાસત્તાક દિને તેના નવા સુંદર અને તમામ સુવિધાઓથી સજ્જ એવા ભવ્ય ભવનનું ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલના વરદ્ હસ્તે ઉદ્ઘાટન થયું હતું.

વાસ્તુકલાની આધુનિક ખૂબીઓથી શોભતુ અને એક શાળા માટેની તમામ જરૂરી સુવિધાઓથી સજ્જ એવા આ કન્યા સૈનિક શાળાના નવા ભવનનું ઉદ્ઘાટન કરતા પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે કહ્યું હતું કે આ માત્ર ઈંટ-ચૂનાનું મકાન નથી, દેશનું ભાવિ અહીં ઘડવાનું છે.'

ગણપત વિદ્યાનગરની ઉપવન જેવી પાવન વિદ્યાભૂમિ ઉપર કન્યા સૈનિક શાળાનો ઉદ્ભવ કેવી રીતે થયો તેની વાત કરતા શ્રીમતી આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે, જામનગર પાસેની બાલાછડી સૈનિક-સ્કૂલની મુલાકાત લેવાનું મારે એકવાર બન્યું ત્યારે મને વિચાર આવ્યો કે છોકરાઓ માટેની સૈનિક શાળા હોય તો મારા ગુજરાતમાં કન્યાઓ માટેની સૈનિક શાળા શા માટે ન હોય ? આ કન્યા સૈનિક શાળાના નવા ભવનના અનેરા આનંદ-ઉત્સવને વધુ સાર્થક કરતો એક વિશેષ ઉપક્રમ પણ આ અવસરે યોજાયો હતો અને તે હતો દાતા મંજુલાબેન અને ગણપતભાઈ પટેલનું ખાસ સન્માન કરવાનો. ગણપત વિદ્યાનગર કેમ્પસના ડાયરેક્ટર ડી.આર. પટેલ સહિત મહેસાણાના સાંસદ જયશ્રીબેન, પૂર્વ સાંસદ અલ્કાબેન ક્ષત્રિય અને ખેરવા ગામના સરપંચ જિજ્ઞાબેનની વિશેષ મહેમાન તરીકેની હાજરી અને ગણપત વિદ્યાનગર સંકુલનો વિકાસ કરનાર ટ્રસ્ટ મહેસાણા ડિસ્ટ્રીક્ટ એજ્યુકેશન ફાઉન્ડેશનના મેનેજિંગ ટ્રસ્ટી તેમજ દૃષ્ટા, ગુજરાતના પૂર્વ ઉદ્યોગ મંત્રી અનિલભાઈ પટેલ તેમજ અન્ય અનેક ટ્રસ્ટીઓ અને આમંત્રિત મહેમાનોની વિશેષ ઉપસ્થિતિમાં આનંદીબેન પટેલના વરદ્હસ્તે દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.



## બુઢેલી ગામમાં નાગણેશ્વરી માતાજી મંદીરમાં ૧૧મો પાટોત્સવ યોજાયો

ભિલોડા તાલુકાના બુઢેલી ગામમાં નાગણેશ્વરી માતાજી મંદીરમાં ૧૧મો પાટોત્સવ યોજાયો હતો.નાગણેશ્વરી માતાજી મંદીરમાં કનકસિંહ દુલેસિંહ રાઠોડ,પરીવાર મુખ્ય યજમાન પદે હતા.પુજા,હવન વિધિમાં ભાવિક ભક્તો દર્શનાર્થે ઉમટ્યા હતા.ભાવિક ભક્તો,સેવાભાવી કાર્યકરોએ ધાર્મિક કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# ભિલોડા કોર્ટે ચેક રીટર્ન કેસમાં દંડ અને સજા ફરમાવી

ભિલોડા જ્યુડી.મેજી.એ ચેક રીટર્ન કેસમાં એક ઈસમને સજા,દંડ ફટકારતાં ફફડાટ ફેલાયો છે. ભિલોડા તાલુકાના નાની બેબાર ગામના પ્રેમસિંહ દિપસિંહ સિસોદીયાએ હિંમતનગર તાલુકાના હડીયોલપુલ છાપરીયા ગામના ગણપતસિંહ અર્જુનસિંહ રાજપુતને વર્ષ ૨૦૧૨માં મકાનનો પ્લોટ ખરીદવા સંદર્ભે રૂા.૭,૫૦,૦૦૦/- ઉછીના આપ્યા હતા.રૂપિયા બે માસમાં પરત કરવાનો વાયદો કર્યો હતો પરંતુ રૂપિયા પરત ના આપતા દેંના બેંકનો ચેક આપ્યો હોવાથી રૂપિયા ઉછીના લેનાર ગણપતસિંહ રાજપુતના એકાઉન્ટમાં ચેક જમા કરવતાં એકાઉન્ટમાં પુરતુ બેલેન્સ ના હોવાના કારણેચેક રીટર્નથતાંચેક રીટર્નના કેસમાં અરજદારના એડવોકેટ આર. કે. મનસુરીની ધારદાર રજુઆતોને ધ્યાને રાખી ભિલોડા જ્યુડી. મેજી.એ ગણપતસિંહ રાજપુતને તકસીવાર ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા અને રૂા.૩,૦૦૦/-નો દંડ વસુલ કરવાનો હુકમ કર્યો હતો.

## સલાલના ઈસમને ચેક રીટર્ન કેસમાં દંડ - સજા

ભિલોડા,તા.૧

પ્રાંતિજ તાલુકાના સલાલ ગામના ઈસમનો ચેક રીટર્ન કેસમાં એક વર્ષની સાદી કેદ રૂા.૧૦,૦૦૦/-નો દંડ વળતર પેટે ચુકવવાનો પ્રાંતિજ જ્યુડી.મેજી.એ હુકમ કરતાં આડેધડ ચેકો આપતા ઈસમોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

પરંતુ લોન લેનાર ઈસમે નિયમીતપણે રૂપિયા ના ભરતા બેંકના જવાબદાર અધિકારીઓ ધ્વારા વારંવાર ઉઘરાણી કરવામાં આવતાં સલાલ ગામના મયુરભાઈ રતીલાલ પંચાલએ ધી સલાલ સર્વોદય નાગરીક બેંક શાખાનો ચેક નંબર.૦૦૧૨૫૨ રૂા.૩,૫૧, ૧૬૨/-નો ચેક રીટર્ન થતાં લોન લેનાર મયુરભાઈ રતીલાલ પંચાલના એકાઉન્ટમાંચેક જમા કરવતાં એકાઉન્ટમાં બેલેન્સ ના હોવાના કારણે ચેક રીટર્ન થતાં ચેક રીટર્નના કેસમાં એડવોકેટ એન.આર.મીરની ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખી પ્રાંતિજ એડી. જ્યુડી. મેજી. એસ. કે. સોલંકીએ મયુરભાઈ પંચાલને ગુનેગાર ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા અને રૂા.૩,૦૦૦/-નો દંડ વસુલ કરવાનો હુકમ કર્યો હતો.

# હિંમતનગર શહેર ભાજપની કારોબારી બેઠક યોજાઈ

હિંમતનગર, તા. ૨

આજરોજ ભારતીય જનતા પાર્ટી હિંમતનગર શહેરની કારોબારી બેઠક પ્રદેશ ભાજપ મીડીયા સેલના કન્વીનર અને હિંમતનગર વિધાનસભા સીટના પક્ષના વાલી તરીકે જવાબદારી સંભાળેલ છે તેવા ડૉ. હર્ષદભાઈ પટેલ અને એક વર્ષના પૂર્ણકાલીન વિસ્તારક અને કર્ણાવતીના પૂર્વ ધારાસભ્ય ભાવીનભાઈ શેઠની ઉપસ્થિતિમાં મળી હતી. આ પ્રસંગે ડૉ. હર્ષદભાઈ પટેલે જણાવેલ કે, કારોબારીનો મુખ્ય ઉદેશ જે રાષ્ટ્રીય કારોબારીમાં માર્ગદર્શન આપવામાં આવેલ હોય તે મંડલ સુધી પહોંચે જેથી શહેરની પણ કારોબારી અગત્યની હોય છે. કારણ કે એ કારોબારીમાં વિવિધ પ્રસ્તાવો તેમજ સરકારની લગતી કામગીરીની નોંધ લેવામાં આવે છે. જે મંડલ સુધીના કાર્યકર્તાને તેની ખબર હોવી જોઈએ. અહીં મુખ્ય લોકો નથી તો આગામી કારોબારી અથવા મીટીંગ મળે તો તેની સૌએ ચિંતા કરવી પડશે. કારોબારી બેઠકમાં કાર્યકર્તાનું ઘડતર થતું હોય છે. અસંખ્ય કાર્યકર્તાઓમાંથી તમને કારોબારીમાં સમાવેશ કરેલ છે તે કામગીરીનો ભાગ છે. તેથી ચૂંટણી ૨૦૧૭ની ૨૦૧૯ માટે છે. કારણ કે ગુજરાતની મોડલની સફળતા એટલે કેન્દ્ર ઉપર આપણું આવ્યો છુ. સંગઠન કેવી રીતે સુધારી શકીએ જેથી વધુ મતે આપણે જીતીએ તેની ચિંતા




બીજા કાર્યકરોનો પણ સંપર્ક કરી પક્ષના કામમાં લેવા જોઈએ. હર્ષદભાઈ પટેલે વધુમાં જણાવેલ કે આપણુ કામ માત્ર રાજકીય જ નહી પરંતુ સાંસ્કૃતિક તેમજ અન્ય વિવિધ કાર્યક્રમો દ્વારા આપણો કાર્યકર્તા સક્રિય રીતે કામ કરે તેવા કાર્યક્રમોમાં ખેસ પહેરેલો હોવો જોઈએ, આપણું કમળનું નિશાન હોય સીમ્બોલ જોડીયે જેથી પક્ષનો અલગ માહોલ બનતો હોય છે.

આગામી વિધાનસભાની શાસન, આપણામાં ટાઈમ મેનેજ સાથે કામ કરવાની દઢ શક્તિ હોવી જોઈએ, તે વિશે માર્ગદર્શન આપતા જણાવેલ કે હિંમતનગરનો પ્રભાવ એટલે સાબરકાંઠાનો પ્રભાવ અહીંની કારોબારી પ્રભાવશાળી થાય કારણ કે, પોલીટીકલ ઘટનાઓ ઝડપથી બનતી હોય છે તો આપણે પાર્ટીના કામ માટે સક્રીયતાથી કામ કરીએ. આ પ્રસંગે ભાવીનભાઈ શેઠે જણાવેલ કે હું અહીં તમને સહયોગ આપવા માટે કરવાની જરૂર છે. ભાજપના કાર્યકર્તા તરીકે હોદ્દેદાર નિષ્ક્રીય રહે તે ચલાવી શકાય નહી. જીલ્લા ભાજપ ઉપ પ્રમુખ વિજયભાઈ પંડ્યાએ જણાવેલ કે કારોબારી એ પક્ષનો પાયો છે. કાર્યકર્તાઓની શુસુપ્ત શક્તિ બહાર લાવવાની છે તેમજ આગામી ૧૧મી તારીખે પંડિત દીનદયાલ ઉપાધ્યાયની પુણ્યતિથી બુથ લેવલે શું કામગીરી કરવી તે વિશે વિસ્તૃત માર્ગદર્શન આપેલ.